# માની અનેક ઈચ્છાઓમાં એક અદ્ ભુત ઈચ્છા

– ખલીલ ધનતેજવી

ભરબપોરે મારી માનાં સૌભાગ્યાકાશનો સુરજ આથમી ગયો ત્યારે હું પાંચ વર્ષનો હતો અને ત્રીસેક વર્ષની વયે મારી માની પહેલવહેલી ઈચ્છા એ જ હતી કે હું ઝટ મોટો થઈ પગભર થઈ જાઉં !

મારી માની એ ઈચ્છા હતી, દુવા હતી કે ખીલતાંની સાથે જ મુરઝાઈ ગયેલા ફુલ જેવા બદનસીબ આયખાનો હાયકારો હતો કે નીસાસો હતો ? કે પછી એ બધું એકસામટું હતું ? એ જે હોય તે; પણ એ બધું અસરકારક નીવડે છે અને હું નાની વયે મોટો થઈ જાઉં છું. બાર વર્ષની ઉમ્મરે જ નીશાળ છોડી એ સાથે જ દાદાજીની આંગળી પણ છોડીને રાસપરોણો હાથમાં લીધો અને હળ સાથે જોતરેલા બળદ હંકારતો થઈ ગયો. ત્યારે એમને મારું ભણતર છુટ્યાનો સહેજે વસવસો નહોતો. ઉલટાનું દીકરો મોટો થઈ ગયાનું મનોમન આશ્વાસન મેળવી લીધું હતું ! આમેય ગામની નીશાળમાં ગુજરાતી ચાર ધોરણ સુધીના જ અભ્યાસની જોગવાઈ હતી. વધુ ભણવા માટે બહારગામ જવું પડે. માને બહાનું મળી ગયું - 'ગામમાં જ ભણવાનું હોત તો જેટલું ભણવું હોત તેટલું ભણાવત; પણ બહાર તો હું મારા દીકરાને નહીં મોકલું !' એમાં દાદાજીની ઈચ્છાનોય ઉમેરો થયો - 'ભણાવીને અમારે ક્યાં નોકરી કરાવવી છે ! ખેતી કોણ કરશે ?'

એ વખતે સ્થીતી જ એવી હતી. ભરજુવાનીમાં અવસાન પામેલા મારા પીતા, એ મારા દાદાનું એક જ સંતાન અને મારા પીતાને પણ હું એક જ સંતાન. આમ મારા પીતાના અવસાન પછી પોતાનો વંશવેલો આગળ વધારવા દાદાજીએ મારા ઉછેરમાં કાળજી લેવા માંડી અને હું જવાબદારી સાથે ખેતીનો કારભાર કરતો થઈ જાઉં તો કોઈનો ઓશીયાળો ન થાઉં એવી એમની પણ ગણતરી હતી. માની ઈચ્છા અને દાદાજીની ગણતરી પુરેપુરી સંતોષાઈ. હું ખેતી કરતો થઈ ગયો; પણ હળ હાંકતા ખડતલ ખેડુત જેવો હાડમાંસે હું દેખાતો થઈ જાઉં એ માટે માએ ઘી, દુધ, ગોળ અને કોપરાં, વસાણું અને અસાળીયો મને ખવડાવવા–પીવડાવવા માંડ્યાં. આ બધા ખોરાકની થોડીક અસર મારા શરીરમાં ફુટવા માંડી કે તરત જ માને દીકરો પરણાવી દેવાની ઈચ્છા થઈ ! બસ પતી ગયું ! માની ઈચ્છા એટલે ટાળી ન શકાય તેવો વટહુકમ ! એ વટહુકમની અવગણના એટલે આખું ઘર

માથે લેવા જેવી સ્થીતીનું નીર્માણ. માની ઈચ્છા તો પ્રબળ હતી. એથી પ્રબળ એમની જીદ હતી, ને એથી પ્રબળ એમનો ગુસ્સો ! આ ગુસ્સો અને જીદ એમને અકાળે મળેલા વૈધવ્યની દેણ હતી, એવું ઘરના બધા સમજતા હોવાથી દાદાદાદી સહીત ઘરનાં બધાંએ એમની ઈચ્છાને વળગીને ચાલવાનું સ્વીકાર્યું હતું. આમાં મારી મરજીનો તો પ્રશ્ન જ ક્યાં આવતો હતો ? આમેય લગ્ન વીશે વીચારવાની સમજ પણ મારામાં ક્યાં કેળવાઈ હતી ? ઓગણીસમું વર્ષ બેસતાંવેંત મને પરણાવી દેવામાં આવ્યો ! મા રાજી રાજી થઈ ગઈ !

પણ કુદરતે મારા વીશે કંઈક જુદું ધાર્યું હતું. મારા માટે તો મારી મા કરતાં કુદરત વધુ જીદ્દી પુરવાર થઈ ! માએ મને નીશાળ છોડાવી અને કુદરત મને ખેતી છોડાવવાની જીદ્દે ચડી હતી. હું ખરાબામાં ઢોર ચરાવતો હોઉં કે દાતરડું લઈને ખેતરના શેઢે ચાર વાઢતો હોઉં ત્યારે પણ મારા મન-મસ્તકમાં કવીતાની પંક્તીઓ આવવા માંડી. મેં કયારેય કવીતા જેવું વાંચ્યું નહોતું અને નીશાળમાં ચોથા ધોરણમાં ભાષા કે વ્યાકરણ કોઈએ ભણાવ્યું નહોતું ! મારા ગામમાં કોઈ કવી કે સાક્ષર નહોતો. મારા ગામમાં પાંચ હજાર વર્ષ પુર્વેય કોઈ કવી કે સાહીત્યકાર જનમ્યો હોવાનું જાણવા મળ્યું નહોતું. મેં કોઈ કવી નામના માણસ સાથે વાત કરી નહોતી અને મારામાં કવીતાની પંક્તીઓ ફણગાવા માંડી ! એ કુદરતની જીદનું જ પરીણામ હતું કે રાસપરોણો કે હળનો દાંડો અથવા દાતરડું ઝાલવા ટેવાઈ ગયેલ મારા હાથમાં કલમ પકડાવી દીધી ! મેં કશું લખવા માંડ્યું, એ વાત છાની રહી નહીં.

પ્રથમ ગામમાં અને પછી ગામ બહાર ફેલાવા માંડી. પડખેના ગામની માધ્યમીક શાળાના શીક્ષકો મને મળવા આવવા માંડયા અને એમણે પણ કુદરતની જીદને સમર્થન આપવા માંડ્યું અને છેવટે મને ગામ છોડાવ્યું !

ગામ છોડીને વડોદરા જેવા શહેરમાં આવીને સ્થીર થવા સુધીની બહુ લાંબી અને રસપ્રદ વ્યથા-કથા છે; પણ અત્યારે તો માની ઈચ્છાઓને સાંકળતી ઘટનાઓની જ વાત કરવી છે. માની જીદ એટલે ન ખમાય એવો એમનો ગુસ્સો ! ખવડાવવા–પીવડાવવામાં પાછી પાની ના કરે. વહાલ પણ એવું જ ! પણ એમનું અનુસાશન એવું કડક કે ન કશું કહેવાય કે ના કશું બોલાય ! રડવાનું મન થાય તો ખેતરમાં ચાલ્યા જવાનું અને ખેતરના શેઢે બેસીને રડાય એટલું રડી લેવાનું !

અથવા અંદર ને અંદર રીબાયા કરવાનું ! આપણું એ દુખ ભુલીને નારાજ થયેલી માને રીઝવવા કંપને કાબુમાં રાખવાના પ્રયાસો કરવાના ! માને રાજી કરવામાં બે દીવસ તો લાગી જ જાય એટલે એમને નારાજ કરવાની અમારી હીમ્મત ચાલતી નહોતી. મારાં પત્ની અને બાળકો પણ એમના અનુશાસનને માન આપે. એમનો ગુસ્સો એટલે ત્રીસ વર્ષની ઉંમરે મળેલા વૈધવ્ય પછીની જીવનયાત્રાના થાક સીવાય બીજું કશું નહોતું. કદાચ કુદરત પ્રત્યેનો રોષ પણ હોઈ શકે.

મેં ગામ છોડીને શહેરમાં જવાનું મનોમન નક્કી કરી લીધું. પણ એ માટે મા સમક્ષ પ્રસ્તાવ મુકવાની હીમ્મત પ્રાપ્ત કરવાનું અઘરું હતું. એમાં મારી પોતાની અંગત લાગણીઓ પણ મને કમજોર કરતી હતી. ગામ છોડવું એટલે માને છોડીને જવું ! માને છોડવી એટલે એક વીધવા માને નીરાધાર કરીને ચાલ્યા જવું ! જે માએ ભરજુવાનીમાં વીધવા થયા પછી દીકરાના આધારે આયખાની વૈતરણી તરી જવાનો મનસુબો કેળવ્યો હોય, એ માને છોડવી એટલે રીતસરની તરછોડવા જેવું જ થયું ! આવી બધી લાગણીઓને ઓળંગી જવું ખુબ જ અઘરું હતું; પણ કુદરતે મારા માટે કંઈક જુદું જ ધાર્યું હતું અને મા કરતાં કુદરત વધારે જીદ્દી હતી ! એ કુદરતે જ શહેર જવા અંગેનો મા સમક્ષ પ્રસ્તાવ મુકવાની હીમ્મત પણ એકઠી કરી આપી - 'મા ! મારે હવે આ ગામમાં રહેવું નથી. મેં શહેરમાં જઈને રહેવાનું વીચાર્યું છે !'

માએ મારા આ પ્રસ્તાવને ગંભીરતાથી ન લેતાં કહ્યું, - ' બેસ, બેસ હવે ! પગરખાં લેવા માટે તાલુકાના ગામે જવાનું હોય તોય મામાની જોડે લઈ જાય છે - બહુ મોટો શહેર જવાવાળો ના જોયો હોય તો !'

'પણ મા ! મામા સાથે તાલુકાના ગામે જતો એ વાત તો બહુ જુની થઈ ગઈ. હવે હું એકલો શહેરમાં જઈ શકું છું.'

'શું દાટ્યું છે તારા બાપનું શહેરમાં ? અહીં કોણ ? ખેતી કોણ તારો બાપ કરશે ? તારો બાપ તો આપણને રઝળતા મુકીને ક્યારનો ઉપર પહોંચી ગયો છે ! ત્યારે જ મેં પણ તને છોડી દીધો હોત તો ?'

માના આવા આગ ઝરતા શબ્દો મને છેક ભીતર સુધી દઝાડી ગયા; પણ એ આગ મારા શહેરમાં જવાના નીર્ણયને બાળી શકી નહીં ! થોડા દીવસો પછી મેં એ જ પ્રસ્તાવ મુક્યો. એ પછી ત્રણ-ચાર વખત પ્રસ્તાવ મુક્યો. છેવટે માએ શરત મુકી -'તારે જવું હોય તો જા. પણ અહીંની આશા નહીં રાખવાની. અહીંથી એક મુઠ્ઠી જુવાર તને નહીં મળે !' મેં માની એ શરત મંજુર કરી લીધી. કોઈ પણ શરતે મા મને શહેર જવા દે એ જ મારે માટે મહત્ત્વનું હતું. જે દીવસે વડોદરા જવા નીકળ્યો ત્યારે માની ઈચ્છાઓ, માની જીદ અને માનો ગુસ્સો પ્રવાહી બની માની આંખમાં પ્રગટ્યો. માનાં કડવાં વેણ કરતાં એમની આ અશ્રુભીની આંખની વાચાળતાએ મને ભાંગી નાખ્યો. હવે માએ જીદ કરવા માંડી- 'ના, હવે તું જા !' પણ એ દીવસે ના જઈ શક્યો. ગામના મારી ઉમ્મરના બે ત્રણ છોકરા શીક્ષકની નોકરીમાં લાગી ગયા હતા. બે ત્રણ એસ.ટી. બસના ડ્રાઈવર–કન્ડક્ટર બની ગયા હતા. એટલે નોકરી માટે મારું શહેર જવું માને સ્વાભાવીક લાગ્યું ! એમણે બીજી એક શરત મુકી - 'સારી નોકરી મળે તો કરજે; પણ કારખાનામાં મજુરી કરવા ના જતો. ત્યાં હથોડા પછાડવા કરતાં અહીં ખેતરમાં માટી ઉથામવી શી ખોટી છે ?' માની એ શરત પણ મેં મંજુર રાખી. આમેય મારો પોતાનો નીર્ણય પણ સ્ટેટસવાળી નોકરી કરવાનો જ હતો.

હું વડોદરા આવી ગયો. માએ ખેતી અડધા ભાગે સોંપી દીધી. એમની શરત પ્રમાણે બે વર્ષ મને કોઈ મદદ કરી નહીં અને બે વર્ષ જ મારે માટે ખુબ અઘરાં હતાં. માએ મદદ નહીં કરવા પાછળ હું થાકીને પાછો ગામમાં આવી જઈશ, એવી એમની ધારણા હતી. નોકરી માટેની શૈક્ષણીક ડીગ્રી મારી પાસે નહોતી એટલે પાછો ગામમાં આવી જઈશ એવું એમણે ધાર્યું હતું. હું દર અઠવાડીયે ગામમાં જઈને માને મળી આવતો. મહીને પંદર દીવસે મારાં મા પણ મને મળવા અને મારી પરીસ્થીતી જાણવા વડોદરા આંટો મારી જતાં હતાં ! પણ મા આવે ત્યારે મારે ગમે તે રીતે બસો– પાંચસો રુપીયાની જોગવાઈ કરી રાખવી પડતી. મા કશાની માગણી કરે અને પૈસા માટે એમની સામે હાથ લંબાવવો પડે તો એમને બહાનું મળી જાય - 'આટલા પૈસાય તારી પાસે નથી હોતા ? તો અહીં શા માટે પડ્યો છે ? ચાલ, પાછો ઘરે ચાલ !' મા આવું બહાનું શોધે એવું મને લાગતું હતું. જો કે માએ કશી માગણી કરી નહોતી.

મને એક મારા જેવો જ મીત્ર મળી ગયો. એને પણ લખવાનો શોખ હતો. એણે, સાથે મળીને એક વાર્તા-માસીક પ્રસીદ્ધ કરવાનો પ્રસ્તાવ મુક્યો. મેં એ પ્રસ્તાવ સ્વીકારી લીધો. માસીક શરુ કર્યું. ચારેક મહીના ચાલ્યું. પછી મીત્રને થાક લાગવા માંડ્યો. એ પ્રેમપુર્વક ખસી ગયો. હવે વાર્તા માસીક ચલાવવાની બધી જવાબદારી મારા એકલાને શીરે આવી. એમાં પત્નીનાં ઘરેણાં ગીરો મુકવાં પડ્યાં. ત્યારે જીવનમાં ક્યારેય નહોતો લાગ્યો એવો માનો ડર લાગવા માંડ્યો; કારણ કે એ ઘરેણાં માએ વહુને ચઢાવ્યાં હતાં. હવે ઘરેણાં ગીરવે મુક્યાં છે, એવું મા જાણે તો માથે આભ તુટી પડે ! ગામમાં કે સગાઓમાં લગ્ન ઉજવાય તો ત્યાં જવું જ પડે ને ઘરેણાં પહેરીને જ જવું પડે ! માને ખબર પડ્યા વગર રહે જ નહીં ! ભારે ચીંતામાં મેં એ દીવસો ગાળ્યા ! સદ્ ભાગ્યે મને નોકરી મળી ગઈ. સૌ પ્રથમ મેં ગીરવે મુકેલાં ઘરેણાં છોડાવ્યાં. પછી તો પત્રકાર બન્યો ને બબ્બે એવૉર્ડ મેળવ્યા. શહેરમાં મીલકત વસાવી. છતાં માને કશાકનો અભાવ સાલ્યા કરતો હતો ! અને એ અભાવ, એટલે સરકારી નોકરી ! મારું સાહીત્યકર્મ કે કવીકર્મ એમની નજરમાં નહોતું આવતું. પત્રકાર તરીકેનો પગાર પણ એમને ક્ષુલ્લક લાગતો હતો; કારણ કે એ સરકારી નોકરીનો પગાર નહોતો. મુળ તો હું જે ક્ષેત્રે કામ કરતો હતો એ ક્ષેત્ર જ એમને માટે ન સમજાય એવું હતું ! મારા ગામના અન્ય લોકોને પણ હજી નથી સમજાયું કે હું શું કરું છું ? એક મુશાયરામાં મને દસ હજાર રુપીયા પુરસ્કાર મળે છે એ વાત તો ગામમાં કોઈના માનવામાં જ ના આવે.

એક વાર હું લખતો હતો ત્યારે મા મારી સામે આવીને ટેબલ પર હાથ ટેકવીને મારા તરફ ઝુક્યાં. થોડી વાર હું લખતો હતો તે જોઈ રહ્યાં. પછી બોલ્યાં - 'ભઈ ! તું આખો દીવસ આ ઉંધું ઘાલીને આંખો ફોડ્યા કરે છે તે કરતાં એસ. ટી.માં કંડક્ટર થઈ ગયો હોત તો ?'

વર્ષો જુની માની ઈચ્છા છેક 1999માં આ રીતે પ્રગટ થાય છે. મેં સ્મીત સાથે મા સામે જોયું. એમણે ઉમેર્યું - 'પેલો આપણા ફળીયાવાળા રાવજીનો દીકરો, બસમાં કંડક્ટર થઈ ગયો તે મજાના મહીને ત્રણ હજાર રુપીયા પગાર લાવે છે !' મારી કમાણી એમની નજરમાં હતી. મેં મીલકત વસાવી એ પણ એમણે જોઈ. પણ મારા મુશાયરાના પુરસ્કાર કરતાં બસ કન્ડક્ટરનો પગાર એમને માટે વધુ મહત્ત્વનો હતો; કારણ કે એ સરકારી નોકરીનો પગાર હતો. મેં માને કહ્યું - 'મા, પહેલી વાત તો એ કે કંડક્ટરની નોકરી મળે એટલું તમે મને ભણાવ્યો નહીં ! બીજી વાત એ કે

બસમાં કંડક્ટર થયો હોત તો પણ અત્યારે રીટાયર્ડ થઈ ગયો હોત !' મને મારા ઓછા ભણતરનો કશો વસવસો નથી. માત્ર એ જ વસવસો કે સરકારી નોકરી મેળવીને માની ઈચ્છા પુરી કરી શક્યો નહીં! એ સીવાય મેં એમને કોઈ દુઃખ પહોંચાડ્યું નથી.

છેલ્લાં પાંચ-સાત વર્ષ તો મેં અને મારી પત્ની-બાળકોએ ઉભા પગે માની જે સેવા-ચાકરી કરી છે તે અંગે ઈર્ષ્યાખોર પાડોશી કે સગાં–સમ્બન્ધીઓ પણ આંગળી ચીંધી શકે નહીં ! માના ડરને એમના મરતાં સુધી અમે અકબંધ જાળવ્યો હતો. માની સામે અદબભેર ઉભા રહેવાની અમને ટેવ પડી ગઈ હતી. આવી કડક અનુશાસનવાળી મુલાયમ માને 2003ની 12મી જાન્યુઆરીએ કાંધે ચડાવી 'ધનતેજના કબ્રસ્તાન'માં સુપુર્દે ખાક કરી આવ્યો છું.

– ખલીલ ધનતેજવી

હમ તો યું હી ટુટકર કબ કે બીખર જાતે મગર,
આંધીયાં લાચાર થી, માં કી દુવા કે સામને.

ડૉ. રામ બારોટ સંપાદીત **'મારી બાની ઈચ્છા'**માંથી સાભાર...(પ્રકાશકઃ ઈમેજ પબ્લીકેશન, મુલ્યઃ રુપીયા 150/-)

તા. 16-03-2010ના 'નયા માર્ગ'ના 23–24–25 પાન પરથી લેખકશ્રી અને સંપાદકશ્રી અને તંત્રીશ્રીના સૌજન્યથી સાભાર...

'નયા માર્ગ'ના તદ્દન તાજા કે જુના અંકો જોવા અમારી નીચેની વેબસાઈટની મુલાકાત લેવા વીનન્તી. http://sites.google.com/site/vachanyatra/home/nayaa-maarg

@@@

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષઃ** પાંચમું – **અંકઃ** 193 – June 06, 2010

**'ઉંઝાજોડણી'**માં સાભાર અક્ષરાંકનઃ **બળવંત પટેલ** - patel.balvant@gmail.com

@@@@@

હવે 'સન્ડે ઈ–મહેફીલ' સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી 'વાચનયાત્રા' હજીયે અવીરત ચાલુ જ છે. 'સન્ડે ઈ–મહેફીલ'ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉનલોડ કરવા

http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદ્‌પરાંત અમે, પચીસ–પચીસ ‘સ.મ.’ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 ‘સ.મ.’**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા અને મીત્રોને મોકલવા સુલભ બનશે

@#@#@#@

## *‘લખે ગુજરાત’*

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. ‘સ્વર્ણીમ ગુજરાત’નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે ‘વાંચે ગુજરાત’ની પણ એક જોરદાર મુહીમ ઉપડી છે. ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ મીત્રો શું કરી શકીએ ‘ગુજરાત’ અને ‘મા ગુર્જરી’ની સેવામાં ? આપણે કમ્પ્યુટરના સ્ક્રીન પર ‘લખે ગુજરાત’ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તોય મોટી સેવા થશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. ક્યાંક લખીને અહીં ગુજરાતીમાં ચોંટાડવું પડે એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે તૈયારી કરી છે. તમે કઈ વીન્ડો(એક્સપી–વીસ્ટા કે એપલ–મૅક) વાપરો છો તે તથા તમારું ઠામ–ઠેકાણું લખી અમને એક મેઈલ uttamgajjar@gmail.com પર કરો. સુચનાઓ સાથેની બધી સામગ્રી તમને એક ઝીપ ફાઈલમાં મોકલી આપીશું. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને ગુજરાતીમાં લખતા થઈ જાઓ, આમ જ, અહીં કર્સર મુકીને, સીધા. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું..

**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** પાંચમું – **અંકઃ** 193 – June 06, 2010
**‘ઉંઝાજોડણી’**માં સાભાર અક્ષરાંકનઃ **બળવંત પટેલ** - patel.balvant@gmail.com

@@@@@